*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૧, ૨૦૧૪–૧૫**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી હીરાભાઈ એલ.પટેલ** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– અરજદાર શ્રી હીરાભાઈ એલ. પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૫–૦૫–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૨૩૭, અન્વયે અત્રેના ખાતા તરફથી લાગત મુદ્દા અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૧૩, તા.૧૫/૫/૧૪ થી આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ તા.૩૧/૫/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) એ તા.૧૫/૫/૧૪ ના રોજ આપેલ જવાબ જાણી જોઈએ વિલંબથી આપેલ હોય અને અરજીથી ઉપેક્ષા કરેલ હોય તેવા કારણો જણાવી અરજદારે અપીલ કરેલ છે. સદરહુ અપીલ નીચે સહી કરનારને અરજદાર ધ્વારા તા.૩૧–૦૫–૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે INQ/FAP/નં.૧/૨૦૧૪–૧૫ થી નોંધવામાં આવેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૦/૦૬/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

પ્રસ્તુત કિસ્સામાં અરજદારની નમુના–ક ની તા.૫/૫/૧૪ ના રોજની અરજી આઈ.ડી.નં.૨૩૭ સે.ઝોનના ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૦, તા.૦૭/૦૫/૧૪ થી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ. અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત અરજીથી "સુ.મ.પા. ના જુદી જુદી કેડરના કેટલા, કયા–કયા, અધિકારી,કર્મચારી વિવિધ ફોજદારી કાયદા હેઠળ કઈ કલમો ગૂના નોંધાયેલા છે. તેઓ પૈકી તેઓ કેટલા ટકા નિર્વાહ ભથ્થુ મેળવી રહયા છે. તેઓ પૈકી કેટલા અને કોણ કોણ ફરજ પર પુનઃસ્થાપિત થયા છે? કયા કયા કર્મચારી સામે શું કાર્યવાહી થઈ છે. તે વિગત ઉપરાંત ફરજ મોકુફી બાદ છેલ્લા બે વર્ષ ઉપરાંતથી કયા કયા અધિકારીને ફરજ ઉપર પુનઃસ્થાપિત કરવામાં આવેલ છે. ફોજદારી કાયદા હેઠળ થયેલ કેસમાં સુ.મ.પા. કેટલા કેસમાં અને કોન કોના કામમાં ફરીયાદી છે. ઉપરોકત બાબતમાં સરકારશ્રી/સુ.મ.પા.ના ઠરાવ જી.આર.ની પ્રમાણિત નકલો પણ આપવી" ની માંગણી કરેલ છે. અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી મુખ્યત્વે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ–અધિકારીઓ સામે તેઓની ખાતાકીય ફરજચૂક, ગેરરિતી વિગેરે બાબતે નિયમાનુસારની કારણદર્શક નોટીસ, ચાર્જશીટ આપી જરૂર જણાયે ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરવાની કામગીરી કરવામાં આવે છે. અત્રેથી જે તે કર્મચારીઓ સામે ફોજદારી ફરીયાદ અન્વયેની કોઈ કામગીરી કરવામાં આવતી નથી. અરજદારે ફરજ મોકુફી અને પુનઃસ્થાપિત થયેલા કર્મચારીઓ બાબતે પણ જે માહિતીની માંગણી કરેલ તે અન્વયે અત્રેથી ફકત મધ્યસ્થ મહેકમ અગર તો અન્ય ખાતા/ઝોન ધ્વારા ફરજ મોકુફી હેઠળ મુકાયેલા કર્મચારીઓ કે જેઓ મ્યુ.કમિશનરશ્રીની સત્તામાં આવે તેવા કર્મચારીઓને પુનઃસ્થાપિત કરવા રીવ્યુ કમિટિ સમક્ષ કેસો રજૂ કરી તેઓને પુનઃસ્થાપિત કરવા અંગે ફકત ભલામણ સાથે તે અંગેની મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મેળવી, તે મુજબ પુનઃસ્થાપિત કરવા અંગેના હુકમો ઈસ્યુ કરવા માટે મધ્યસ્થ મહેકમ વિભાગને અગર તો જે તે ખાતા/ઝોનને તેની વિગતો મોકલવામાં આવે છે. વળી, સદર બાબતે અરજદારની નમુનો–ક ની મુળ અરજી મધ્યસ્થ મહેકમ ખાતાને પણ જે તે સમયે તબદીલ થયેલ હોય, તેથી તે અંગેનો વિશેષ જવાબ ઈન્કવાયરી ખાતાએ આપવાનો રહેતો નથી.

આમ, અત્રેના ખાતામાંથી કોઈ કર્મચારીને ફરજ મોકુફી હેઠળ મુકવા અંગેના કે તેઓની નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગેના આખરી હુકમો ઈસ્યુ કરવા અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી, કર્મચારીઓ સામે થયેલ પોલીસ કેસને આનુસાંગિક કામગીરી પણ અત્રેથી કરવામાં આવતી ન હોય, અરજદારની માંગણી અન્વયેનો કોઈ મુદ્દો અત્રેના ખાતાને

સુસંગત રીતે સ્પર્શતો ન હોય, અરજદારને તે મુજબનો જવાબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૧૩, તા.૧૫/૫/૧૪ થી અત્રેના ખાતાને તા.૭/૫/૧૪ ના રોજ અરજી મળ્યાના દિન–૦૭ માં પાઠવવામાં આવેલ. આમ, અરજદારને અત્રેના ખાતામાંથી આપવામાં આવેલ જવાબ યોગ્ય અને સમયમર્યાદાની અંદર આપવામાં આવેલ છે. આમ, અરજદારને અત્રેથી સમયમર્યાદામાં જવાબ આપવામાં આવેલ હોય અપીલના કારણમાં જણાવ્યા મુજબ અત્રેથી જવાબ આપવામાં કોઈ વિલંબ થયેલ નથી કે અરજીની કોઈ ઉપેક્ષા અત્રેથી કરવામાં આવેલ નથી. સબબ, ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અંગે આગળની કાર્યવાહી કરવા આ રીપોર્ટ રજૂ કરેલ છે.

## ***સુનાવણીની વિગતોઃ–***

અરજદારની નમુના–ક ની તા.૫/૫/૨૦૧૪ ની મુળ અરજીમાં માંગવામાં આવેલ માહિતી તેમજ અરજદારની અપીલ અન્વયે સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ ઈન્કવાયરી ખાતાની કામગીરી જોતા, અરજદારે કરેલ પ્રથમ અપીલ ઉપર રેકર્ડ આધારિત માહિતી જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા, અરજદારને તેઓની નમુના–ક ની તા.૫/૫/૧૪ ની મુળ અરજીમાં મુખ્યત્વે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ–અધિકારીઓને ફરજ મોકુફી હેઠળ મુકવા અંગે તેમજ પુનઃસ્થાપિત કરવા અંગે તેમજ ફોજદારી ફરીયાદ નોંધાયેલ કર્મચારીઓને ફરજ મોકુફી હેઠળ મુકવા તેમજ પુનઃસ્થાપિત કરવા બાબતે તેમજ તેવા કિસ્સામાં નિર્વાહભથ્થા બાબતે માહિતીની માંગણી કરેલ છે. જે મુદ્દાઓ મધ્યસ્થ મહેકમ વિભાગને લગતા છે. જેથી ઈન્કવાયરી વિભાગ ધ્વારા સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ધ્વારા અરજદારને આપવામાં આવેલ જવાબ તેમજ પ્રથમ અપીલ અન્વયે રજૂ કરેલ પૂર્તતા અહેવાલ તેમજ અત્રેના ઈન્કવાયરી ખાતાની કામગીરી જોતા, અરજદાર ધ્વારા માંગવામાં માહિતીનો કોઈ મુદ્દા ઈન્કવાયરી ખાતાની કામગીરીને સુસંગત રીતે સ્પર્શતો નથી. જેથી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા આપવામાં આવેલ જવાબ યોગ્ય અને સાચો હોવાનું જણાય છે. અરજદારે તેઓની અપીલમાં જાહેર માહિતી અધિકારીએ તેઓને જવાબ જાણીજોઈને મોડો આપેલ હોવાનું તેમજ અરજીની ઉપેક્ષા કરેલ હોય તેવું કારણ દર્શાવેલ છે. પરંતુ રેકર્ડ જોતા અરજદારની નમુના–ક ની તા.૫/૫/૧૪ ની મુળ અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીને તા.૦૭/૦૫/૧૪ ના રોજ તબદીલ થયેલ છે. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) એ તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૧૩, તા.૧૫/૫/૧૪ થી અરજદારને અરજી તા.૭/૫/૧૪ ના મળ્યાના દિન–૦૭ માં જવાબ આપેલ છે. આમ, અરજદારને દિન–૩૦ ના સમયમર્યાદાની અંદર જવાબ આપવામાં આવેલ હોવાથી અપીલના કારણમાં જણાવ્યા મુજબ જવાબ આપવામાં કોઈ વિલંબ થયેલ હોવાનું કે જાહેર માહિતી અધિકારીએ અરજીની કોઈ ઉપેક્ષા કરેલ હોવાનું પુરવાર થતું નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

### –: ***હુકમ*** :–

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની અરજીના અનુસંધાને સાચો અને યોગ્ય તેમજ સમયમર્યાદામાં જવાબ આપેલ હોય, અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી તથા અપીલમાં કોઈ તકરાર ઉભી કરી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૨૩૪
તા.૨૭–૦૬–૨૦૧૪

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત

**પ્રતિ,**

(૧) શ્રી હીરાભાઈ એલ. પટેલ, રહેવાસીઃ–
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે......

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૨, ૨૦૧૪–૧૫**

**અરજદાર : શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૩–૦૭–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૮૧(મધ્યસ્થ કચેરી) થી માંગવામાં આવેલી માહિતી આપેલ ન હોવાના કારણસર તા.૦૬/૮/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી આપી ન હોવાથી કે માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત પણ તેઓને જણાવવામાં આવેલ ન હોવાથી કે આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધિત જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ ન હોવાથી, તેઓએ ઈરાદાપુર્વક સેવામાં ખામી અને બેદરકારી દાખવી, માહિતી મેળવવાના તેઓના અધિકારમાં અવરોધ પેદા કરેલ હોવાનું કારણો જણાવી અરજદારે હાલની અપીલ કરેલ છે. સદરહુ અપીલ અરજદારે મધ્યસ્થ કચેરીમાં આપેલ, જે અપીલ પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરી ના પત્ર નં.સી/૧૬૬૭, તા.૦૮/૦૮/૨૦૧૪ થી અત્રે તબદીલ થયેલ જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૨/૨૦૧૪–૧૫ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૦/૦૮/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની પ્રસ્તુત નમુના –'ક' માં માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૮૧(મધ્યસ્થ કચેરી) તા.૦૩/૭/૧૪ અત્રેના ખાતાને લાગત હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી/૧૫૫૩, તા.૦૧/૮/૧૪ થી અત્રેના ખાતાને તા.૦૨/૮/૧૪ ના રોજ તબદીલ કરવામાં આવેલ. અરજદારે તા.૩/૭/૧ ૪ ના રોજ અરજી કરેલ હોય, નિયમ મુજબ અરજદારને તા.૧/૮/૧૪ સુધીમાં અરજીની પૂર્તતા કરવાની રહે છે. પરંતુ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ધ્વારા અરજદારની પ્રસ્તુત અરજી નિયત સમયમર્યાદા પુરી થયા બાદ તા.૨/૮/૧૪ ના રોજ અત્રે તબદીલ કરેલ.

ઉપરોકત અરજીમાં અરજદાર દ્વારા વરાછા મેઈન રોડ ઉપર આવેલ તાપી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના કુલ ૩ પ્લોટ ભેગા મળી કરવામાં આવેલ ૪ માળના ગેરકાયદેસર બાંધકામ બાબતે, કોસાડ આવાસ બાબતે તેમજ પાંડેસરા પાણી કૌભાંડનો ઉલ્લેખ કરી તે બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જેમાં મુદ્દા નં.૬ થી વરાછા મેઈન રોડ ઉપર આવેલ તાપી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના કુલ ૩ પ્લોટ ભેગા મળી કરવામાં આવેલ ૪ માળના ગેરકાયદેસર બાંધકામ બાબતે સદર બાંધકામના પ્લાન મંજુર કરનાર અધિકારી સામે હાલમાં કે અગાઉ કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ હોય અથવા હાલમાં ચાલી રહેલ હોય તો તેની સંપુર્ણ માહિતીની માંગણી કરેલ. તે જ પ્રમાણે અરજદારે મુદ્દા નં.૧૪ થી ૧૮ માં કોસાડ આવાસ બાબતેની માહિતીની તેમજ મુદ્દા નં.૧૯ થી ૨૨ માં પાંડેસરા પાણી કૌભાંડનો ઉલ્લેખ કરીને માહિતીની માંગણી કરેલ છે.

મુદ્દા નં.૬ માં જણાવેલ વિગતેના બાંધકામ બાબતે અત્રેના રેકર્ડ મુજબ કોઈ અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલતી ન હોવાથી તેમજ અરજદાર ધ્વારા કોઈ અધિકારીનું નામ જણાવેલ ન હોય, અગાઉ કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ હોવા બાબતની કોઈ માહિતી આપી શકાય તેમ ન હોવાથી તે મુજબ તેમજ પ્રમાણે મુદ્દા નં.૧૪ થી ૧૮ માં કોસાડ આવાસ બાબતેની માહિતીની તેમજ મુદ્દા નં.૧૯ થી ૨૨ માં પાંડેસરા પાણી કૌભાંડનો ઉલ્લેખ કરીને માહિતીની જે માંગણી કરેલ તે પૈકીનો કોઈપણ મુદ્દો અત્રેના ખાતાને સીધો સ્પર્શતો ન હોય, તે બાબતે કોઈ માહિતી અત્રેથી આપવાની રહેતી ન હોવાથી તે મુજબનો અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૭, તા.૦૭/૦૮/૧૪ થી જવાબ પાઠવવામાં આવેલ.

આમ, અરજદારને અત્રેના ખાતામાંથી આપવામાં આવેલ જવાબ યોગ્ય, રેકર્ડ પરની હકીકત મુજબનો આપવામાં આવેલ છે. આમ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. સબબ, ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અંગે આગળની કાર્યવાહી કરવા આ રીપોર્ટ રજૂ કરેલ છે.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારની નમુના–ક ની તા.૩/૭/૨૦૧૪ ની મુળ અરજીમાં માંગવામાં આવેલ માહિતી તેમજ અરજદારની અપીલ અન્વયે સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ જોતા, અરજદારે કરેલ પ્રથમ અપીલ ઉપર રેકર્ડ આધારિત માહિતી જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા, અરજદારને તેઓની નમુના–ક ની તા.૩/૭/૧૪ ની મુળ અરજીમાં મુખ્યત્વે વરાછા મેઈન રોડ ઉપર આવેલ તાપી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના કુલ ૩ પ્લોટ ભેગા મળી કરવામાં આવેલ ૪ માળના ગેરકાયદેસર બાંધકામ બાબતે, કોસાડ આવાસ બાબતે તેમજ પાંડેસરા પાણી કૌભાંડનો ઉલ્લેખ કરી તે બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જેમાં અરજદારે મુદ્દા નં.૬ થી વરાછા મેઈન રોડ ઉપર આવેલ તાપી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના કુલ ૩ પ્લોટ ભેગા મળી કરવામાં આવેલ ૪ માળના ગેરકાયદેસર બાંધકામ બાબતે સદર બાંધકામના પ્લાન મંજુર કરનાર અધિકારી સામે હાલમાં કે અગાઉ કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ હોય અથવા હાલમાં ચાલી રહેલ હોય તો તેની સંપુર્ણ માહિતીની માંગણી કરેલ. જે અન્વયે ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ જોતા સદર મુદ્દામાં જણાવ્યા મુજબના બાંધકામ બાબતે ઈન્કવાયરી ખાતામાંથી કોઈ કાર્યવાહી થયેલ ન હોય, તેમજ અરજદારે મુદ્દામાં કોઈ અધિકારીના નામો જણાવેલ ન હોય, તેવા પ્લાન મંજુર કરનાર અધિકારી સામે અગાઉ કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ હોવા બાબતે નામના અભાવે માહિતી પુરી પાડી શકાય નહી. તે જ પ્રમાણે અરજદારે મુદ્દા નં.૧૪ થી ૧૮ થી કોસાડ આવાસ બાબતેની માહિતીની તેમજ મુદ્દા નં.૧૯ થી ૨૨ માં પાંડેસરા પાણી કૌભાંડનો ઉલ્લેખ કરીને વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ છે. જે મુદ્દા નં.૧૪ થી ૨૨ નો અભ્યાસ કરતા અરજદારે તે મુદ્દાઓમાં ઈન્કવાયરી ખાતામાંથી કરવામાં આવતી કાર્યવાહી બાબતેની કોઈ માહિતીની માંગણી કરેલ નથી. સદર મુદ્દાઓ પૈકીનો કોઈપણ મુદ્દો ઈન્કવાયરી ખાતાની કામગીરીને લાગત જણાતો નથી. સબબ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૭, તા.૦૭/૦૮/૧૪ થી આપવામાં આવેલ જવાબ તેમજ પ્રથમ અપીલ અન્વયે રજૂ કરેલ પૂર્તતા અહેવાલ જોતા યોગ્ય અને સાચો હોવાનું જણાય છે. અરજદારે તેઓની અપીલમાં જાહેર માહિતી અધિકારીએ તેઓને માહિતી આપેલ ન હોવાનું કારણ દર્શાવી અપીલ કરેલ છે. પરંતુ રેકર્ડ જોતા અરજદારની નમુના–ક ની તા.૦૩/૭/૧૪ ની મુળ અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીને તા.૦૨/૦૮/૧૪ ના રોજ અરજીની પુર્તતા કરવાની નિયત સમયમર્યાદા બાદ તબદીલ થયેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) એ તાકીદે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબનો જવાબ આપેલ છે. આમ, અરજદારને ઈન્કવાયરી ખાતાના રેકર્ડ મુજબની હકીકત પ્રમાણેનો જવાબ આપવામાં આવેલ હોવાથી અપીલના જણાવ્યા મુજબના કારણો પુરવાર થતા નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *<u>હુકમ</u>* :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની અરજીના અનુસંધાને રેકર્ડ મુજબ સાચો અને યોગ્ય જવાબ આપેલ હોય, અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશનરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૦૪
તા.૨૨–૦૮–૨૦૧૪

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

**પ્રતિ,**

(૧) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, રહેવાસીઃ–
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે.....

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૩, ૨૦૧૪–૧૫**

**અરજદાર : શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલની તા.૧૧–૦૬–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૫૩૩(સેન્ટ્રલઝોન) અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(આઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૬૧, તા.૦૫/૦૭/૨૦૧૪ વિરૂધ્ધ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી પૈકી તેઓને મુદ્દા નં.૧,૬,૭,૮,૧૮,૧૯,૨૧,૨૩,૨૪,૨૫, ૩૦, ૩૧,૩૨,૩૩,૩૪,૩૮,૪૪,૯૨,૧૦૨,૧૦૫,૧૦૬ અને ૧૦૭ ની માહિતી પુરી પાડેલ ન હોવાની અને તે પૈકી મુદ્દા નં.૩૪ નો ઈન્કવાયરી રીપોર્ટ સક્ષમ સત્તા સમક્ષ રજૂ કરવા અંગેનો તપાસ અધિકારીનો રીપોર્ટ જવાબ સાથે સામેલ કરેલ ન હોવાની તેમજ મુદ્દા નં.૧૦૬ ના પત્રની નકલ સાથે બિડાણ સામેલ નહી કરેલ હોવાની તેમજ મુદ્દા નં.૩૮ ની માહિતીમાં વ્યોમેશ કંથારીયાનું પંચનામું આપેલ નહી હોવાના કારણો દર્શાવી અરજદારે હાલની અપીલ કરેલ છે. સદરહુ અપીલ અરજદારે સેન્ટ્રલઝોન સીવીક સેન્ટરમાં તા.૧૧/૮/૧૪ ના રોજ રજૂ કરેલ જે અપીલ અત્રેના ખાતાને તા.૧૨/૮/૧૪ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૩/૨૦૧૪–૧૫ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૦/૦૮/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૧–૦૬–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૫૩૩(સેન્ટ્રલઝોન), ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના તા.૧૬/૦૬/૨૦૧૪ ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૭૮૩ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત અરજીથી તેમની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી બાબતે, એમ.ડી.એ. ના પ્રોગ્રામ બાબતે, પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ વિગેરે બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. અરજદારની માંગણી અનુસંધાને અરજદારને તેઓની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના સંદર્ભમાં તેઓની અરજીના અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૧, ૬, ૭, ૮, ૯, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૩૦, ૩૪, ૩૫, ૩૮, ૪૫, ૧૦૬, ૧૦૭, ૧૧૪ થી માંગવામાં આવેલ માહિતીની પૂર્તતા અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી કરવાની રહેતી હોવાથી, સદર મુદ્દાઓની માહિતીનો રેકર્ડ–નકલોની ચકાસણી કરી, અરજદારને આપવાજોગ પાના નંગ–૩૧ રૂા.૨/– લેખે રૂા.૬૨/– અંકે રૂપિયા બાંસઠ પુરા મહાનગરપાલિકા વસુલ મેળવી અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૬૧, તા.૦૫/૦૭/૨૦૧૪ થી પુરા પાડવામાં આવેલ. અરજદારે તેઓની હાલની અપીલમાં અત્રેથી જાણે તેઓને મુદ્દા નં.૧,૬,૭,૮,૧૮,૧૯,૨૧,૨૩,૨૪,૨૫,૩૦, ૩૧,૩૨,૩૩,૩૪,૩૮,૪૪,૯૨,૧૦૨, ૧૦૫, ૧૦૬ અને ૧૦૭ ની માહિતી પુરી પાડેલ ન હોવાની અને તે પૈકી મુદ્દા નં.૩૪ નો ઈન્કવાયરી રીપોર્ટ સક્ષમ સત્તા સમક્ષ રજૂ કરવા અંગેનો તપાસ અધિકારીનો રીપોર્ટ જવાબ સાથે સામેલ કરેલ ન હોવાની તેમજ મુદ્દા નં.૧૦૬ ના પત્રની નકલ સાથે બિડાણ સામેલ નહી કરેલ હોવાની તેમજ મુદ્દા નં.૩૮ ની માહિતીમાં વ્યોમેશ કંથારીયાનું પંચનામું આપેલ નહી હોવાની રજૂઆત કરેલ છે. ખરી હકીકતમાં અરજદારને અત્રેથી ખાતાકીય તપાસની કાર્યવાહી સંદર્ભે આપવાજોગ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૧, ૬, ૭, ૮, ૯, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૩૦, ૩૪, ૩૫, ૩૮, ૪૫, ૧૦૬, ૧૦૭, ૧૧૪ ની માહિતીના પાના નંગ–૩૧ રેકર્ડ ઉપર જે સ્થિતિમાં ઉપલબ્ધ હતા તે સ્થિતિમાં અને માંગ્યા મુજબ પુરા પાડવામાં આવેલ છે. તે સાથે અરજદારને મુદ્દા નં.૩૪ ની માહિતીની નકલ પણ પુરી પાડેલ છે જ. જેથી તે સામેલ ન હોવાની અરજદારને રજુઆત વજુદ વગરની છે. તે જ પ્રમાણે અરજદારને મુદ્દા નં.૧૦૬ થી ખાતાકીય તપાસ અધિકારીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૬૧, તા.૨૧–૧૨–૧૩ ની માંગણી કરેલ. સદર પત્ર સાથે સામેલ કરેલા પેપર્સની અરજદારે મુળ અરજીમાં માંગણી કરેલ નથી. વળી રેકર્ડ તેવા તે પત્ર સાથે સામેલ કરેલ પેપર્સ અરજદારની પોતાની અરજી જ હોય, તે આપવાનો પ્રશ્ન જ અસ્થાને છે. તે જ રીતે મુદ્દા નં.૩૮ માં અરજદારે માંગેલ માહિતી અન્વયે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી પી. ટી. સુરતીનું પંચનામું ઉપલબ્ધ હોવાથી તેની નકલ અરજદારને આપેલ છે. જયારે અરજીના સદર મુદ્દામાં અરજદારે જણાવ્યા મુજબ શ્રી વ્યોમેશ કંથારીયાએ બજવણી સંબંધે કોઈ પંચનામાની કાર્યવાહી કરેલ હોવાની કોઈ માહિતી કે શ્રી વ્યોમેશ કંથારીયાની સહીવાળુ કોઈ પંચનામું રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તેવું પંચનામું અરજદારને આપવાનો પ્રશ્ન જ નથી. આમ, અરજદારને અત્રેના ખાતામાંથી આપવામાં આવેલ જવાબ યોગ્ય, રેકર્ડ પરની હકીકત મુજબનો આપવામાં આવેલ છે. આમ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. સબબ, ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અંગે આગળની કાર્યવાહી કરવા આ રીપોર્ટ રજૂ કરેલ છે.

## ***સુનાવણીની વિગતોઃ–***

અરજદારે કરેલ પ્રથમ અપીલ ઉપર રેકર્ડ આધારિત માહિતી જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

અરજદારે તેઓની હાલની અપીલ તેઓની નમુના–ક ની મુળ અરજીની તા.૧૧/૬/૧૪ મુજબ તા.૧૦/૭/૧૪ સુધીમાં નોંધાવી શકાય તેમ દર્શાવી અને તા.૧૦/૭/૧૪ ના રોજ નમુના–ક ની અરજીની મુદત પુરી થતી હોવાનું જણાવી અને

તે તારીખથી તા.૧૦/૮/૧૪ સુધીમાં અપીલ નોંધાવી શકાય તેમ હોવાનું જણાવી, તા.૧૦/૮/૧૪ ના રોજ રવિવારની રજા હોવાથી તા.૧૧/૮/૧૪ ના રોજ અપીલ દાખલ કરેલ છે. પરંતુ માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમની જોગવાઈઓ જોતા, અરજદારને નમુના–ક ની તારીખથી જો દિન–૩૦ માં તેઓને માહિતી ન મળે તો તે દિન–૩૦ પુરા થયાની તારીખથી એક મહિનામાં અપીલ નોંધાવવાની રહે છે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તે પહેલા જવાબ–પૂર્તતા મળે તો તે તારીખથી દિન–૩૦ માં અપીલ કરવાની રહે છે. આ કિસ્સામાં અરજદારને તા.૫/૭/૧૪ ના રોજ જવાબ–માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી તે તારીખથી દિન–૩૦ ગણતા તા.૫/૮/૧૪ સુધીમાં અરજદારે અપીલ નોંધાવવાની હતી. પરંતુ તેના બદલે તા.૧૧/૮/૧૪ ના રોજ દાખલ કરેલ છે. વળી, અરજદારે જવાબદાર અધિકારીની વિગતમાં જાહેર માહિતી અધિકારીને બદલે અપીલ અધિકારીને જવાબદાર અધિકારી તરીકે દર્શાવી અપીલ કરેલ છે. તેમ છતાં અરજદારે કરેલ વિલંબ દરગુજર કરી, અપીલ રજીસ્ટરે દાખલ કરી તે અંગે કાર્યવાહી કરેલ છે.

અરજદારે તેઓની હાલની અપીલમાં મુદ્દા નં.૩૪ નો ઈન્કવાયરી રીપોર્ટ સક્ષમ સત્તા સમક્ષ રજૂ કરવા અંગેનો તપાસ અધિકારીનો રીપોર્ટ જવાબ સાથે સામેલ કરેલ ન હોવાની તેમજ મુદ્દા નં.૧૦૬ ના પત્રની નકલ સાથે બિડાણ સામેલ નહી કરેલ હોવાની તેમજ મુદ્દા નં.૩૮ ની માહિતીમાં વ્યોમેશ કંથારીયાનું પંચનામું આપેલ નહી હોવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દાઓ અન્વયે મહદઅંશે લાગત માહિતી પુરી પાડી દેવામાં આવેલ હોય, મુદ્દા નં.૩૪ ની માહિતીની નકલ પણ પુરી પાડેલ હોય શકે. તેમ છતાં જો અરજદારને તે મુદ્દાની માહિતીની નકલ તેઓને મોકલવામાં આવેલ પેપર્સો સાથે સામેલ કરવાની રહી ગયેલ હોય તો તેવી નકલ જાહેર માહિતી અધિકારી તરફથી તેઓને ફરીથી વિના મુલ્યે પુરી પાડવાની રહે છે. અરજદારે મુદ્દા નં.૧૦૬ થી ખાતાકીય તપાસ અધિકારીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૬૧, તા.૨૧–૧૨–૧૩ ની માંગણી કરેલ. જે પત્રની નકલ અરજદારને પુરી પાડેલ છે, અરજદારે સદર પત્ર સાથે સામેલ કરેલા પેપર્સ મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. પરંતુ અરજદારની મુળ અરજી જોતા, અરજદારે ફકત ખાતાકીય તપાસ અધિકારીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૬૧, તા.૨૧–૧૨–૧૩ ની જ માંગણી કરેલ છે. તે પત્ર સાથેના બિડાણની કોઈ માંગણી કરેલ નથી. વળી સદર પત્રની વિગતો જોતા તેવા બિડાણના પેપર્સ અરજદારની પોતાની અરજી જ હોય, જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તે અરજીની પૂર્તતા સમયે આપવાનો પ્રશ્ન જ અસ્થાને છે. તેમ છતાં જો અરજદારને તેવા પેપર્સની નકલની જરૂરીયાત હોય, તો તેઓ તેના નિયમાનુસારના નકલ ફી ના નાણાં જમા કરાવી મેળવી શકે છે. તે જ રીતે મુદ્દા નં.૩૮ માં અરજદારે શ્રી પી.ટી.સુરતી અને વ્યોમેશ કંથારીયાએ બજવણી સંદર્ભે કોઈ પંચનામું કે પંચકયાસ કર્યો હોય તો તે પંચનામાની નકલ અને તે શેના આધારે કરવામાં આવેલ છે તેની વિગતની માંગણી કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી પી. ટી. સુરતીનું બજવણી સંદર્ભેનું ઉપલબ્ધ પંચનામાની નકલ અરજદારને પુરી પાડેલ છે. વળી, રેકર્ડ જોતા વ્યોમેશ કંથારીયાએ બજવણી સંબંધે કોઈ પંચનામાની કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. જેથી જે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ જ ન હોય, તેવી માહિતી–નકલ આપવાનો પ્રશ્ન જ નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) એ અરજદારને આપેલ જવાબ તેમજ માહિતી ઈન્કવાયરી ખાતાના રેકર્ડ મુજબની હકીકત પ્રમાણે આપવામાં આવેલ હોવાથી અપીલના જણાવ્યા મુજબના કારણો પુરવાર થતા નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની અરજીના અનુસંધાને ઈન્કવાયરી ખાતાના લાગત મુદ્દા સંદર્ભે રેકર્ડ મુજબ સાચો અને યોગ્ય જવાબ આપેલ હોવાનું ફલિત થાય છે. જેથી અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. અરજદારે મુદ્દા નં.૧૦૬ ની માહિતી અંગે આપવામાં આવેલ પત્રની સાથે સામેલ કરેલ(બિડાણ કરેલ) પેપર્સની અપીલમાં માંગણી કરેલ છે. પરંતુ અરજદારે નમુના–ક ની અરજીમાં તે બાબતની માંગણી કરેલ ન હોય તેવી નકલ અરજદારને વિના મુલ્યે આપી શકાય નહી. જેથી અરજદારને તેવી નકલની જરૂર હોય તો જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) નો સંપર્ક કરી તેવી નકલના નિયમ મુજબની નકલ ફી જમા કરાવી તેવી નકલ જાહેર માહિતી અધિકારી પાસેથી રૂબરૂમાં મેળવી લેવાની રહેશે. સબબ, ઉપર મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશનરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૩૧

તા.૨૮–૦૮–૨૦૧૪

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

**પ્રતિ,**

(૧) શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે.....

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૪, ૨૦૧૪–૧૫**

**અરજદાર : શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ અરજદાર શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૯–૦૪–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૭૫(વેસ્ટઝોન) થી માંગવામાં આવેલી માહિતી અરજી સાદર કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેવા કારણસર તા.૨૩/૫/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદાર શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૯–૦૪–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૭૫(વેસ્ટઝોન) થી માંગવામાં આવેલી માહિતી અરજી સાદર કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેવા કારણસર તા.૨૩/૫/૧૪ ના રોજ કરેલ અપીલ, એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર(પશ્ચિમઝોન–રાંદેર) શ્રી ડી. એમ. જરીવાલાએ સદર અપીલના કામે તા.૨૫–૮–૧૪ ના રોજ નં.વેસ્ટ ઝોન/ આર.ટી.આઈ./નં.૮૧૭ થી કરેલ હુકમ અન્વયે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર(વેસ્ટઝોન)ના પત્ર નં.વેસ્ટ ઝોન/ આરટીઆઈ સેલ/૮૪૦, તા.૨૬/૮/૧૪ થી અત્રે તબદીલ કરવામાં આવેલ છે. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૪/૨૦૧૪–૧૫ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૮/૦૮/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદાર શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૭૫(વેસ્ટઝોન) તા.૧૯/૪/૧૪ થી માંગવામાં આવેલી માહિતી પૈકી આંશિક માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતું હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(વેસ્ટઝોન) ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૪૯, તા.૨૪/૦૪/૨૦૧૪ થી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ. અરજદારે સદર અરજીથી તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશ પી. ઘીવાલા, કર્મચારી નં.૩૩૧૦૫ (હાલ કર્મચારી નં.૩૯૮૩૨) ની બાબતમાં તેઓએ અગાઉ કરેલ અરજી અન્વયે રજૂ કરવામાં આવેલ વધુ માહિતી ધ્યાને લઈ તપાસ કરનાર ભ્રષ્ટાચારી અધિકારીની તથા કર્મચારી મજકુર સામે કાર્યવાહી શરૂ કરી, પુર્ણ કરવા બાબત તેમજ મજકુર કર્મચારીના સગાભાઈ પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા(બોગસ પત્રકાર) ની વિગતવાર માહિતી મેળવવા બાબતે વિવિધ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. અરજદારની માંગણી અન્વયે અરજદારને તેઓની અરજીના મુદ્દા નં.૧ "ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશ પી. ઘીવાલા તા.૧૭/૧૦/૨૦૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ તેમના ફરજકાળ દરમ્યાન આચરેલ ગુના અંગે તેની વિરૂધ્ધ કરવામાં આવેલ તેમને ઈસ્યુ કરવામાં આવેલ નોંધ, મેમો, શો–કોઝ નોટીશ, ચાર્જશીટ તથા તેના અનુસંધાને તેઓ તરફથી રજૂ કરવામાં આવેલ જવાબો, થયેલ કાર્યવાહીની વિગત" બાબતે અરજદારને અત્રેથી જવાબ આપવાનો રહેતો હોય, પરંતુ અન્વયે અત્રેના ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ અનુસાર ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશ પી. ઘીવાલાને અત્રેથી કોઈ નોંધ, મેમો, શો–કોઝ નોટીશ, ચાર્જશીટ ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું કે અરજીમાં જણાવેલ વિગતે આ કિસ્સામાં અત્રેથી કોઈ અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર માહિતી ન હોય, અરજદારને અત્રેથી તે મુજબ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૮૫, તા.૦૮/૦૫/૨૦૧૪ થી જવાબ પાઠવવામાં આવેલ.

આમ, અરજદારને તેઓની અરજીથી માંગ્યા મુજબ માહિતીઓ પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા બાબતે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જવાબ સમયમર્યાદામાં પાઠવી દેવામાં આવેલ હોય અરજદારને અરજી સાદર કર્યાના ૩૦ દિવસમાં માહિતી મળેલ ન હોવાનું કારણ દર્શાવી હાલની અપીલ કરવાનું કોઈ કારણ નથી. વળી, અરજદારે તેઓની પ્રસ્તુત અપીલમાં અત્રેના જાહેર માહિતી અધિકારીશ્રીને પક્ષકાર તરીકે દર્શાવી સામેલ કરેલ નથી કે અત્રેના ઈન્કવાયરી વિભાગના જાહેર માહિતી અધિકારી સામે કોઈ દાદની માંગણી કરેલ નથી. સબબ, ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અંગે આગળની કાર્યવાહી કરવા આ રીપોર્ટ રજૂ કરેલ છે.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ પ્રથમ અપીલ ઉપર રેકર્ડ આધારિત માહિતી જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

અરજદારે તેઓની હાલની અપીલ તેઓની નમુના–ક ની તા.૧૯–૦૪–૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૭૫(વેસ્ટઝોન) થી માંગવામાં આવેલી માહિતી અરજી સાદર કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેવા કારણસર તા.૨૩/૫/૧૪ ના રોજ વેસ્ટઝોન ખાતે અપીલ દાખલ કરેલ. જે અપીલના કામે એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર(પશ્ચિમઝોન–રાંદેર) શ્રી ડી. એમ. જરીવાલાએ તા.૨૫–૮–૧૪ ના રોજ નં.વેસ્ટ ઝોન/ આર.ટી.આઈ./નં.૮૧૭ થી કરેલ હુકમ અન્વયે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર(વેસ્ટઝોન)ના પત્ર નં.વેસ્ટ ઝોન/ આરટીઆઈ સેલ/૮૪૦, તા.૨૬/૮/૧૪ થી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારે તેઓની હાલની જાણે તેઓને અરજી સાદર કર્યાના ૩૦ દિવસમાં કોઈ નિર્ણય મળેલ ન હોય તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા અરજદારે તા.૧૯/૪/૧૪ ના રોજ કરેલ મુળ અરજી અન્વયે અત્રેના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) તરફથી તા.૦૮/૦૫/૨૦૧૪ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ છે. આમ અરજદારને અરજીના ૩૦ દિવસમાં કોઈ નિર્ણય ન મળેલ હોવાની હકીકતનો કોઈ પ્રશ્ન નથી. વળી, મુળ અરજીની વિગતો જોતા અરજદારે માંગેલ માહિતી અન્વયે તેઓને ઈન્કવાયરી ખાતામાંથી આપવાજોગ અરજીના મુદ્દા નં.૧ "ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશ પી. ઘીવાલા તા.૧૭/૧૦/૨૦૦૬ ના રોજ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ તેમના ફરજકાળ દરમ્યાન આચરેલ ગુના અંગે તેની વિરૂધ્ધ કરવામાં આવેલ તેમને ઈસ્યુ કરવામાં આવેલ નોંધ, મેમો, શો–કોઝ નોટીશ, ચાર્જશીટ તથા તેના અનુસંધાને તેઓ તરફથી રજૂ કરવામાં આવેલ જવાબો, થયેલ કાર્યવાહીની વિગત" બાબતે ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ અનુસાર ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ભાગ્યેશ પી. ઘીવાલાને અત્રેથી કોઈ નોંધ, મેમો, શો–કોઝ નોટીશ, ચાર્જશીટ ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું કે અરજીમાં જણાવેલ વિગતે આ કિસ્સામાં અત્રેથી કોઈ અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર માહિતી ન હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૮૫, તા.૦૮/૦૫/૨૦૧૪ થી અરજીના દિન–૩૦ ની અંદર સમયમર્યાદામાં આપવામાં આવેલ જવાબ યોગ્ય અને સાચો હોય અપીલના જણાવ્યા મુજબના કારણો પુરવાર થતા નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

### –: ***હુકમ*** :–

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની અરજીના અનુસંધાને ઈન્કવાયરી ખાતાના લાગત મુદ્દા નં.૧ સંદર્ભે રેકર્ડ મુજબ સાચો અને યોગ્ય જવાબ અરજી સદર કર્યાના દિન–૩૦ ની અંદર પાઠવી દીધેલ હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ના જવાબ સામે અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. સબબ, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશનરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૪૩
તા.૦૨–૦૯–૨૦૧૪

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

**પ્રતિ,**

(૧) શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે......

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૫, ૨૦૧૪–૧૫**

**અરજદાર : શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈ.ડી. નં.૨૦૯(મધ્યસ્થ કચેરી) તા.૧૪/૭/૧૪ થી માંગવામાં આવેલ માહિતી પૈકી અમુક નકલો મળેલ છે અમુક નકલો મળેલ નથીનું કારણ દર્શાવી તા.૧૫/૯/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારનાએ તેઓની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૨૦૯(મધ્યસ્થ કચેરી) તા.૧૪/૭/૧૪ થી માંગવામાં આવેલ માહિતી પૈકી અમુક નકલો મળેલ છે અમુક નકલો મળેલ નથીનું કારણ દર્શાવી તા.૧૫/૯/૧૪ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. જે અપીલની નકલ મધ્યસ્થ કચેરી મારફત તા.૧૬/૯/૧૪ ના રોજ અત્રેના ખાતાને મળેલ છે. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૫/૨૦૧૪–૧૫ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૦૬/૧૦/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

પ્રસ્તુત કિસ્સામાં અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૨૦૯(મધ્યસ્થ કચેરી) તા.૧૪/૭/૧૪ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લાગત હોવાનું જણાવી આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી, સા.સભા, ના પત્ર નં.આર.ટી.આઈ/સેક્રેટરી/સા.સ./આઉટ/૨૦૧૪/૧૮ તા.૬–૮–૧૪ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. સદર અરજીમાં અરજદારે સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસના ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ પટેલને ડીસમીસ કરવા અંગેના મ્યુ.કમિશનરશ્રીના આદેશ અને તેના અનુસંધાને કરવામાં આવેલ દરખાસ્ત અને તે અંગેના સ્થાયી સમિતિના ઠરાવ અંગે તેમજ તે અંગેની થયેલ કાર્યવાહી અંગે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. પરંતુ અરજદારે અરજીમાં માંગણી કર્યા મુજબ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસના ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ પટેલને ડીસમીસ કરવા અંગેની તેમજ તેના અનુસંધાને દરખાસ્ત કરવા અંગેની કોઈપણ કાર્યવાહી અત્રેના ઈન્કવાયરી ખાતા મારફત કરવામાં આવેલ ન હોય, અરજદારની અરજીનો કોઈપણ મુદ્દો અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત ન હોય, અરજદારની અરજીના કોઈપણ મુદ્દાની અત્રેથી પુર્તતા કરવાની રહેતી ન હોવાથી તે મુજબનો અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭૯, તા.૧૧/૦૯/૧૪ થી સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ.

આમ, અરજદારને તેઓની અરજીથી માંગ્યા મુજબ માહિતીઓ પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી કોઈપણ માહિતીની પૂર્તતા કરવાની રહેતી ન હોવાથી, અત્રેથી અરજ દારને યોગ્ય જવાબ સમયમર્યાદામાં પાઠવી દેવામાં આવેલ છે. આમ, અરજદારની અરજીમાં માંગ્યા મુજબની કોઈપણ કાર્યવાહી અત્રેના ખાતા મારફત થયેલી ન હોય, અરજદારને અત્રેના જવાબ સામે હાલની અપીલ કરવાનું કોઈ કારણ નથી. વળી, અરજદારે તેઓની પ્રસ્તુત અપીલમાં અત્રેના ઈન્કવાયરી ખાતાના જવાબ સામે કોઈ દાદ માંગેલ હોવાનું અપીલમાં જણાતું નથી.

## સુનાવણીની વિગતોઃ–

અરજદારે કરેલ પ્રથમ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા અહેવાલની હકીકત તથા તે અનુસંધાને રેકર્ડ આધારિત માહિતી જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## અપીલ અધિકારીનું તારણઃ–

અરજદારે તેઓની નમુના–ક ની તા.૧૪–૦૭–૨૦૧૪ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસના ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ પટેલને ડીસમીસ કરવા અંગેના મ્યુ.કમિશનરશ્રીના આદેશ અને તેના અનુસંધાને કરવામાં આવેલ દરખાસ્ત અને તે અંગેના સ્થાયી સમિતિના ઠરાવ અંગે તેમજ તે અંગેની થયેલ કાર્યવાહી અંગે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. સદર અરજી આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી, સા.સભા, ના પત્ર નં.આર.ટી.આઈ/સેક્રેટરી/સા.સ./આઉટ/૨૦૧૪/૧૮ તા.૬–૮–૧૪ થી તબદીલ થઈ અત્રેના જાહેર માહિતી અધિકારીને મળેલ. પરંતુ અરજદારે અરજીમાં માંગણી કર્યા મુજબ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસના ચીફ ફાયર ઓફીસરશ્રી પંકજ પટેલને ડીસમીસ કરવા અંગેની તેમજ તેના અનુસંધાને દરખાસ્ત કરવા અંગેની કોઈપણ કાર્યવાહી ઈન્કવાયરી ખાતા મારફત કરવામાં આવેલ ન હોય, અરજદારની અરજીનો કોઈપણ મુદ્દો અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત ન હોય, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ધ્વારા તે મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭૯,

તા.૧૧/૦૮/૧૪ થી સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. આમ, અરજદારની માંગણી તેમજ ઈન્કવાયરી ખાતાના રેકર્ડ મુજબ અરજીમાં માંગણી કર્યા મુજબના કિસ્સામાં કોઈ કાર્યવાહી ઈન્કવાયરી ખાતા મારફત કરવામાં આવેલ ન હોય કે તે અંગેની કોઈ હકીકત ઈન્કવાયરી ખાતાના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અરજીના દિન–૩૦ ની અંદર સમયમર્યાદામાં આપવામાં આવેલ જવાબ યોગ્ય અને સાચો હોય અપીલના જણાવ્યા મુજબના કારણો પુરવાર થતા નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની અરજીના અનુસંધાને ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ મુજબ સાચો અને યોગ્ય જવાબ અરજી સદર કર્યાના દિન–૩૦ ની અંદર પાઠવી દીધેલ હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ના જવાબ સામે અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. સબબ, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશનરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૬૮

(એમ. ડી. સોલંકી)

તા.૦૭–૧૦–૨૦૧૪

ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે......

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.INQ/FAP/૦૬, ૨૦૧૪–૧૫**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલ** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલની તા.૦૨/૦૯/૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૨૧૩ (સેન્ટ્રલઝોન) અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(આઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૩, તા.૨૯/૦૯/૨૦૧૪ વિરૂધ્ધ તા.૨૧/૧૦/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે તેઓની અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) તરફથી તેઓની અરજીના મુદ્દા નં.૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૩૪ ની માહિતી પુરી પાડેલ ન હોવાથી અને આપવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૪, ૧૫, ૨૯ ની માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાથી અને મુદ્દા નંબર પ્રમાણે જવાબ આપેલ ન હોવાના કારણસર હાલની અપીલ કરેલ છે. સદર અપીલ અરજદારે સેન્ટ્રલઝોન સીવીક સેન્ટરમાં તા.૨૧/૧૦/૧૪ ના રોજ રજૂ કરેલ જે અપીલ અત્રેના ખાતાને તા.૨૨/૧૦/૧૪ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૬/૨૦૧૪–૧૫ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૩/૧૧/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદાર શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૨/૦૯/૨૦૧૪ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૨૧૩(સેન્ટ્રલઝોન), ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના તા.૦૪/૦૯/૨૦૧૪ ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૪૯ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત અરજીથી તેમની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસના અનુસંધાને વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ.

અરજદારની માંગણી અનુસંધાને અરજદારને તેઓની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના સંદર્ભમાં તેઓની અરજીના અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૨૯, ૩૨/એ થી માંગવામાં આવેલ માહિતીના પાના નંગ–૧૭૩ નકલ ફી વસુલ મેળવી અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૩, તા.૨૯/૦૯/૨૦૧૪ થી પુરા પાડવામાં આવેલ.

અરજદારને આપવામાં આવેલ માહિતીની નકલો ઉપર તે કયા મુદ્દાની માહિતી છે તે મુદ્દાનો નંબર લખવામાં આવેલો છે. જેથી મુદ્દા નંબર મુજબ જવાબ ન આપેલ હોવાની હકીકત ખરી નથી.

અરજદારે તેઓની હાલની અપીલમાં મુદ્દા નં.૧૪, ૧૫, ૨૯ ની માહિતી માંગ્યા મુજબ આપેલ નથી અને તેનાથી વિપરીત માહિતી પુરી પાડેલ હોવાનું કારણ જણાવેલ છે.

મુદ્દા નં.૧૪ થી અરજદારે સેકન્ડ શો–કોઝ નોટીસનો તેઓએ જવાબ આપેલ હોય તેવું જણાવેલ તે જવાબની નકલની માંગણી કરેલ. પરંતુ અત્રેના રેકર્ડ મુજબ અરજદારે તેઓની ખાતાકીય તપાસની કાર્યવાહી બાદ તેઓને આપવામાં આવેલ સેકન્ડ શો–કોઝ નોટીસ(શિક્ષા અંગેની કારણદર્શક નોટીસ) નો કોઈ જવાબ રજૂ કરેલ નથી. જે બાબતનો ઉલ્લેખ તેઓએ બરતરફીના હુકમ સામે કરેલ અપીલ અંગે અત્રેથી કરવામાં આવેલ રીપોર્ટમાં થયેલ છે. જેથી તે મુદ્દા અંગે તેમજ મુદ્દા નં.૧૭ અન્વયે સદર રીપોર્ટની નકલ આપેલ છે. મુદ્દા નં.૧૫ તેમજ મુદ્દા નં.૨૯ અંગે સેકશન ઓફીસર(આરોગ્ય)ના તા.૧૪/૧૦/૧૩ ના રીપોર્ટમાં મ્યુ.કમિશનરશ્રીની મંજુરીની સહી વાળો રીપોર્ટ અરજદારને આપવામાં આવેલ છે તે યોગ્ય છે. સબબ, અરજદારને મુદ્દા નં.૧૪, ૧૫, ૨૯ ની માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાની કે તેનાથી વિપરીત માહિતી પુરી પાડેલ હોવાની હકીકત ખરી નથી.

અરજદારે તેઓની અપીલમાં તેઓને મુદ્દા નં.૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૩૪ ની માહિતી પુરી પાડેલ ન હોવાની રજુઆત કરેલ છે.

પરંતુ મુદ્દા નં.૧૮,૧૯,૨૦ તથા ૨૧ માં અરજદારે માંગ્યા મુજબની માહિતી અત્રેના ઇન્કવાયરી ખાતાને સીધી સ્પર્શતી નથી કે તેવી કોઈ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.૨૩ માં અરજદારે જણાવ્યા મુજબ ડો.જે.કે.ચૌધરીએ એમ.ડી.એ. પ્રોગ્રામ અંગે પી.ઓ. આરોગ્ય સાહેબને કરેલ હોય તેવા કોઈ રીપોર્ટની નકલ અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. ખરી હકીકતમાં ખાતાકીય તપાસ દરમ્યાન જે જુબાની લેવાયેલ તેમાં પલ્સ પોલીયો અંગે રીપોર્ટ કર્યા બાબતનો ઉલ્લેખ છે.

મુદ્દા નં.૨૪ માં અરજદારે એમ. ડી. જીનવાલાએ પલ્સ પોલીયો સંબંધે તેઓ વિરૂધ્ધ ફરજ નહી બજાવવા સંબંધે કરેલ રીપોર્ટની નકલ/ તેમજ તેઓ વિરૂધ્ધ પલ્સ પોલીયો બાબતે કરેલ રીપોર્ટ અહેવાલની માહિતી અને વગર અહેવાલે જો

તેમણે જુબાની આપી હોય તો તેમને પલ્સ પોલીયો સંબંધે જુબાની આપવા ખાતાકીય તપાસમાં જે વ્યકિતએ બોલાવ્યા હોય તેની વિગત અને તે પત્રની નકલની માંગણી કરેલ. પરંતુ અત્રે ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી એમ. ડી. જીનવાલાએ અરજદાર વિરૂધ્ધ પલ્સ પોલીયો સંબંધે કોઈ રીપોર્ટ રજૂ કરેલ નથી કે ખાતાકીય તપાસમાં તે બાબતની કોઈ જુબાની પણ આપેલ નથી. જેથી અરજદારના જણાવ્યા મુજબની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. ખરી હકીકતમાં મુળ રીપોર્ટમાં એમ.ડી.એ.ના પ્રોગ્રામની તારીખ વિગેરેનો ઉલ્લેખ હોય, પલ્સ પોલીયો અંગે કોઈ વિગત એમ. ડી. જીનવાલા ધ્વારા જણાવવામાં આવેલ નથી કે તેવો કોઈ ઉલ્લેખ એમ. ડી. જીનવાલાની જુબાનીમાં નથી.

મુદ્દા નં.૨૫ તથા ૩૪ માં જણાવેલ વિગત અત્રેના ખાતાને લગતી નથી. જેથી તે અંગે જવાબ આપવાનો પ્રશ્ન નથી. મુદ્દા નં.૨૮ બાબતની માહિતી અરજદારને મુદ્દા નં.૧૫ અને ૨૯ અન્વયે આપવામાં આવેલ રીપોર્ટમાં છે.

આમ, અરજદારને અત્રેના ખાતામાંથી આપવાજોગ મુદ્દાની આપેલ માહિતી રેકર્ડ પરની હકીકત મુજબની આપવામાં આવેલ છે. તેમજ મુદ્દા નં.૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૫,૩૪ માહિતી અત્રેના ઈન્કવાયરી ખાતાને સીધી સ્પર્શતી નથી કે તેવી કોઈ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેમજ મુદ્દા નં.૨૮ અંગેની માહિતી, અરજદારે મુદ્દા નં.૧૫ અન્વયે આપેલ રીપોર્ટમાં સમાવેશ થતો હોય તેમજ મુદ્દા નં.૨૩, ૨૪ ની અરજદારે મુદ્દામાં માંગ્યા મુજબની પ્રમાણેના રીપોર્ટ/જુબાની રેકર્ડ ઉપર હોય જ નહી, અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તેવી માહિતી અરજદારને આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આથી, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ પ્રથમ અપીલ અંગે તા.૧૯/૧૧/૨૦૧૪ ના રોજ સુનાવણી કરવામાં આવેલી. જેમાં અરજદારે હાજર રહી તેઓએ અપીલમાં જણાવ્યા મુજબની રજુઆત કરી, ખરેખર કઈ માહિતીની જરૂર છે તેની સ્પષ્ટતા કરેલ છે.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદાર શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલે તા.૦૨/૦૯/૨૦૧૪ ના રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૧૨૧૩(સેન્ટ્રલઝોન) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) ને તબદીલ થયેલ. સદર અરજીમાં અરજદાર ધ્વારા તેમની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસના અનુસંધાને વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જાહેર માહિતી અધિકારીના પૂર્તતા અહેવાલમાં જણાવ્યા મુજબ અરજદારને તેઓની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના સંદર્ભમાં તેઓની અરજીના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૨૯, ૩૨/એ થી માંગવામાં આવેલ માહિતીના પાના નંગ–૧૭૩ નકલ ફી વસુલ મેળવી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪૩, તા.૨૯/૦૯/૨૦૧૪ થી પુરી પાડવામાં આવેલ છે. જે સામે અરજદારે કરેલ હાલની અપીલમાં મુદ્દા નંબર પ્રમાણે જવાબ રજૂ કરેલ ન હોવાની તેમજ મુદ્દા નંબર મુજબ કેટલા પાના આપેલ છે તે અલગથી રજૂ કરેલ ન હોવાથી માહિતીમાં વિસંગતતા ઉભી થતી હોવાની તેમજ મુદ્દા નં.૧૪, ૧૫, ૨૯ બાબતે માંગ્યા મુજબની માહિતી ન આપી તેનાથી વિપરીત માહિતી આપી હોવાની તેમજ અરજદારની અરજીના મુદ્દા નં.૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૩૪ ની માહિતી પુરી પાડેલ ન હોવાની રજુઆત કરેલ છે.

અરજદારની અપીલ બાબતે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પુર્તતા અહેવાલની વિગતે માહિતીની નકલો ઉપર તે કયા મુદ્દાની માહિતી છે તે મુદ્દાનો નંબર લખવામાં આવેલો હોવાનું જણાવેલ છે. જે બાબતે તેઓએ અરજદારને આપેલ માહિતીની નકલોની ઓફીસ કોપી રજૂ કરેલ છે. જે જોતા તેમાં માહિતીની નકલો ઉપર કયા મુદ્દા નંબરની માહિતી છે તેના મુદ્દા નંબર લખેલા હોવાનું જણાય છે. જેના પરથી સદર નકલ કયા મુદ્દા માટે આપવામાં આવેલી છે તે સ્પષ્ટ થાય છે. ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અરજદારે તેઓની હાલની અપીલમાં મુદ્દા નં.૧૪, ૧૫, ૨૯ ની માહિતી માંગ્યા મુજબ આપેલ નથી અને તેનાથી વિપરીત માહિતી પુરી પાડેલ હોવાનું કારણ જણાવેલ છે. જે પૈકી અરજદારે મુદ્દા નં.૧૪ માં સેકશન ઓફીસર(આરોગ્ય) ના તા.૧૪–૧૦–૧૩ ના રીપોર્ટનો આધાર લઈ સેકન્ડ શો–કોઝ નોટીસનો જવાબ તેઓએ રજૂ કરેલ હોય તો તેની નકલની માંગણી કરેલ છે. સદર બાબતનો ઉલ્લેખ સેકશન ઓફીસર(આરોગ્ય) એ તેમના રીપોર્ટમાં કરેલ છે. પરંતુ અરજદારની ઈન્કવાયરી ખાતામાંથી થયેલ ખાતાકીય તપાસની કાર્યવાહી અંગેનો રેકર્ડ જોતા મુજબ અરજદારે સેકન્ડ શો–કોઝ નોટીસનો જવાબ રજૂ કરેલો જ ન હોય, તેવા જવાબની નકલ અરજદારને આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જેથી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે તેમની બરતરફીના હુકમ સામેની કરેલ અપીલ અંગેના રીપોર્ટમાં સેકન્ડ શો–કોઝ નોટીસનો જવાબ રજૂ ન કરેલ હોવા બાબતનો ઉલ્લેખ હોય આ રીપોર્ટની નકલ સદર મુદ્દા નં.૧૪ તેમજ મુદ્દા નં.૧૭ અન્વયે સંયુકત રીતે આપેલ હોવાનું જણાય છે.

અરજદારે તેમની અરજીના મુદ્દા નં.૧૫ માં "સેકશન ઓફીસર આરોગ્ય ના તા.૧૪–૧૦–૧૩ ના પત્રમાં મુદ્દા નં.૭ મુજબ" નો ઉલ્લેખ કરીને માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે સેકશન ઓફીસર આરોગ્ય ના તા.૧૪–૧૦–૧૩ ના રીપોર્ટના મુદ્દા નં.૭ જોતા તેમાં ખાતાકીય તપાસ અધિકારીના હકીકતલક્ષી રીપોર્ટનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ અરજદારે તેમના સદર મુદ્દામાં ચોકકસ સ્પષ્ટતા કરેલ ન હોવાથી, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સેકશન ઓફીસર આરોગ્યના તા.૧૪–૧૦–૧૩ ના પત્રની નકલ આપેલ હોવાનું સુનાવણીમાં જણાવેલ છે. જે બાબતે અરજદારે સુનાવણીમાં સ્પષ્ટતા કર્યા મુજબ અરજદારને સેકશન ઓફીસર આરોગ્ય ના તા.૧૪–૧૦–૧૩ ના રીપોર્ટમાં મુદ્દા નં.૭ માં જણાવ્યા મુજબના નામદાર હાઈકોર્ટના હુકમ બાદ ઈન્કવાયરી ખાતા ધ્વારા ડે.કમિશ્નરશ્રી(એચ. એન્ડ એચ) ને સાદર કરવામાં આવેલ રીપોર્ટ કે જેના ઉપર ડે.કમિશ્નરશ્રી(એચ. એન્ડ એચ) ધ્વારા કર્મચારીને ફરીથી ખાતાકીય તપાસની કાર્યવાહીમાં હાજર રહેવાની તક આપી સાક્ષીઓની ઉલટતપાસ કરવાની તક આપવા બાબતની મંજુરી આપવામાં આવેલ તે રીપોર્ટની નકલ વિનામુલ્યે દિન–૦૭ માં આપવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અરજદારે મુદ્દા નં.૨૯ માં પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૫૮ તા.૫–૮–૧૩ નો ઉલ્લેખ કરીને તે પત્રમાં જણાવ્યા મુજબ ખાતાકીય તપાસ અધિકારીની વહીવટી કારણોસર નિમણુંક રદ કરવા આવેલ તે અંગે માનનીય કમિશનરશ્રીએ મંજુરી આપેલ હોય તો તેના પત્રની નકલ માંગેલ છે. અરજદારે જે પત્ર નં.૩૫૮ નો ઉલ્લેખ કરેલ છે તેની તારીખ ખોટી જણાવેલ છે. ખરેખર તા.૫–૮–૧૪ છે. જેથી તારીખમાં ભુલ હોવાને કારણે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર મુદ્દા બાબતે અરજદારને સેકશન ઓફીસર(આરોગ્ય) નો તા.૧૪/૧૦/૧૩ નો રીપોર્ટ સમજફેર હોવાને કારણે આપવામાં આવેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ સુનાવણીમાં જણાવેલ. જેથી અરજદારે સુનાવણીમાં સ્પષ્ટતા કર્યા મુજબ પત્ર–હુકમ નં.૩૫૮ માં કરેલ ઉલ્લેખ મુજબ ખાતાકીય તપાસ અધિકારી શ્રી એ. જી. વિધ્વાંસની વહીવટી કારણોસર નિમણૂંક રદ કરવા બાબતે કમિશનરશ્રીએ જે રીપોર્ટ ઉપર મંજુરી આપેલ હોય તેવા રીપોર્ટની નકલ અરજદારને વિના મુલ્યે દિન–૭ માં આપવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અરજદારે તેઓની અપીલમાં તેઓને મુદ્દા નં.૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૩૪ ની માહિતી પુરી પાડેલ ન હોવાની રજુઆત કરેલ છે.

મુદ્દા નં.૧૮ માં અરજદારે નામદાર હાઈકોર્ટના ડાયરેકશનથી **વિપરીત કાર્યવાહી** કરવા માટે જે અધિકારીએ હુકમ કર્યો હોય તેની નકલની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારીની સુનાવણીમાં રજુઆત મુજબ ઈન્કવાયરી ખાતાના રેકર્ડ ઉપર અરજદારની માંગણી મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશનથી વિપરીત કાર્યવાહી કરવા બાબતે કોઈ અધિકારીએ હુકમ કરેલ નથી કે તેવા કોઈ હુકમવાળો રીપોર્ટ નથી. વળી, અપીલની સુનાવણીમાં અરજદારને નામદાર કોર્ટના ડાયરેકશનથી કઈ રીતે વિપરીત કાર્યવાહી કરવા માટે હુકમ કરેલો છે તેની સ્પષ્ટતા માંગતા અરજદાર સુનાવણીમાં તેની કોઈ ચોકકસ સ્પષ્ટતા કરી શકેલ નથી. જાહેર માહિતી અધિકારીની રજૂઆત મુજબ અરજદારની માંગણી મુજબ નામદાર હાઈકોર્ટના ડાયરેકશનથી વિપરીત કાર્યવાહી કરવા અંગેના હુકમવાળો કોઈ દસ્તાવેજ રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તેની નકલ અરજદારને આપવાનો પ્રશ્ન નથી.

મુદ્દા નં.૧૯,૨૦ તથા ૨૧ માં અરજદારે નિર્વાહભથ્થા બાબતે માહિતીની માંગણી કરેલ છે. પરંતુ તે અંગે જાહેર માહિતી અધિકારીના જણાવ્યા મુજબ અરજદારના નિર્વાહભથ્થા બાબતની કામગીરી ઈન્કવાયરી ખાતાએ કરવાની રહેતી નથી. તેવી કામગીરી અરજદાર જે ખાતામાં ફરજ બજાવેલ હોય તે ખાતામાંથી યાને વી.બી.ડી.સી. વિભાગમાંથી નિર્વાહભથ્થા બાબતની કામગીરી થતી હોય, નિર્વાહભથ્થા અંગેની કોઈ માહિતી ઇન્કવાયરી ખાતાને સીધી સ્પર્શતી નથી કે તેવી કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાથી તે અંગે જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ સદર મુદ્દાની માહિતી આપવાની રહેતી નથી. જેથી અરજદારને મુદ્દા નં.૧૯,૨૦ તથા ૨૧ ની આંશિક માહિતિ જે નિર્વાહભથ્થા બાબતેની માંગણી કરેલ છે તેવી માહિતી વી.બી.ડી.સી. વિભાગમાંથી મેળવવાની રહે છે.

મુદ્દા નં.૨૩ માં અરજદારે ડો.જે.કે.ચૌધરીએ એમ.ડી.એ. પ્રોગ્રામ અંગે રીપોર્ટ પી.ઓ. આરોગ્ય સાહેબને કરેલ હોય તેવા રીપોર્ટની નકલની માંગણી કરેલ છે. પરંતુ અરજદારની ખાતાકીય તપાસનો રેકર્ડ જોતા, ડો.જે.કે.ચૌધરીએ અરજદાર વિરૂધ્ધ પલ્સ પોલીયોની કામગીરી બાબતે રીપોર્ટ કરેલ હોવાનુ અને ખાતાકીય તપાસમાં પણ તે મુજબની જુબાની આપેલ હોવાનું જણાય છે. ડો.જે.કે.ચૌધરીએ એમ.ડી.એ. પ્રોગ્રામ અંગે રીપોર્ટ કરેલ હોવાનું કે તે અંગેની જુબાની આપેલ હોવાનું રેકર્ડ ઉપર જણાતું નથી. તેમ છતાં અરજદારની ખાતાકીય તપાસના ઉપલબ્ધ રેકર્ડ પરથી ડો. જે. કે. ચૌધરીએ જે કોઈ બાબતે રીપોર્ટ રજૂ કરેલ હોય તે રીપોર્ટ તથા જે કોઈ બાબતે જુબાની આપેલ હોય તેની નકલ અરજદારને વિના મુલ્યે દિન–૭ માં આપવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૨૪ માં અરજદારે એમ. ડી. જીનવાલાએ પલ્સ પોલીયો સંબંધે તેઓ વિરૂધ્ધ ફરજ નહી બજાવવા સંબંધે કરેલ રીપોર્ટની નકલ/ તેમજ પલ્સ પોલીયો બાબતે કરેલ રીપોર્ટ અહેવાલની માહિતી અને વગર અહેવાલે જો તેમણે જુબાની આપી હોય તો તેમને પલ્સ પોલીયો સંબંધે જુબાની આપવા ખાતાકીય તપાસમાં જે વ્યકિતએ બોલાવ્યા હોય તેની વિગત અને તે પત્રની નકલની માંગણી કરેલ. પરંતુ ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ ખાતાકીય તપાસના રેકર્ડ મુજબ શ્રી એમ. ડી. જીનવાલાએ અરજદાર વિરૂધ્ધ પલ્સ પોલીયો સંબંધે રીપોર્ટ રજૂ કરેલ હોવાનું કે ખાતાકીય તપાસમાં તે બાબતની જુબાની આપેલ હોવાનું રેકર્ડ ઉપર જણાતું નથી. અરજદારને સુનાવણીમાં આ બાબતે વધુ સ્પષ્ટતા કરવા જણાવતા તેઓએ જણાવેલ કે તેઓની નીચે સહી કરનાર સમક્ષ ચાલેલ ખાતાકીય તપાસ અંગે નીચે સહી કરનારે રજૂ કરેલ રીપોર્ટમાં એમ. ડી. જીનવાલાએ પલ્સ પોલીયો સંબંધે જુબાની આપેલ હોવાનો ઉલ્લેખ કરેલ હોવાથી આ માહિતીની માંગણી કરેલ હોવાનું જણાવેલ છે. જે અન્વયે તારણ રીપોર્ટ જોતા તેમાં તપાસ અધિકારીના તારણમાં અરજદાર ઉપર પલ્સ પોલીયોના પ્રોગ્રામમાં આક્ષેપિત હાજર ન રહેવા બાબતના આરોપ નં.ર ના વિશ્લેષણમાં પાના નં.૯ ઉપર ઉપરથી નીચેની તરફ પેરા નં.૪ ની પ્રથમ લાઈનમાં શ્રી એમ. ડી. જીનવાલાએ આક્ષેપિત કર્મચારીએ પલ્સ પોલીયોમાં ફરજ બજાવી નથી તેવી માહિતી આપેલ છે. તેવો ઉલ્લેખ કરેલ છે. સદર આખા પેરો વંચાણે લેતા તેમાં અરજદાર ઉપર પલ્સ પોલીયોના પ્રોગ્રામમાં હાજર ન રહેવા બાબતના મુકવામાં આવેલા આરોપો સબબેનું લખાણ લખવામાં આવેલ છે. તે અંગેની જુબાની ડો. જે. કે. ચૌધરીએ આપેલ છે. આમ, તારણ રીપોર્ટમાં એમ. ડી. જીનવાલાનું જે નામ પલ્સ પોલીયોમાં કામગીરી ન કરવા અંગેના આરોપના વિશ્લેષણમાં જણાવેલ છે તે ભુલથી લખાયેલ હોવાનું જણાય છે. ખાતાકીય તપાસનો રેકર્ડ જોતા અરજદારે પલ્સ પોલીયોમાં કામગીરી કરી ન હોવા બાબતે એમ. ડી. જીનવાલાએ કોઈ જુબાની આપેલ નથી. તેમ છતાં અરજદારની ખાતાકીય તપાસના ઉપલબ્ધ રેકર્ડ પરથી એમ. ડી. જીનવાલાએ જે કોઈ જુબાની આપેલ હોય તેની તેમજ જે કોઈ બાબતનો રીપોર્ટ કરેલ હોય તેની નકલ અરજદારને વિના મુલ્યે દિન–૭ માં આપવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૨૫ અંગે જાહેર માહિતી અધિકારીની રજૂઆત મુજબ તે મુદ્દાની વિગત ઈન્કવાયરી ખાતાને લગતી નથી તેમજ મુદ્દા નં.૩૪ માં અરજદારે જે બે ઝેરોક્ષ તેઓને પુરી પાડેલ હોવાનો ઉલ્લેખ કરી તે બન્ને ઝેરોક્ષ અલગ અલગ હોવાની રજૂઆત કરી તે અંગે કોઈ પ્રથા, પ્રક્રિયા, નિયમોની માંગણી કરેલ છે તેવી કોઈ પ્રથા, પ્રક્રિયા કે નિયમો અરજદારની માંગણી મુજબ ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ પર નથી. જેથી તે બાબતે અરજદારને કોઈ જવાબ આપવાનો રહેતો નથી. મુદ્દા નં.૨૮ બાબતની માહિતી અરજદારને આપવામાં આવેલ સેકશન ઓફીસર(આરોગ્ય) ના તા.૧૪/૧૦/૧૩ ના રીપોર્ટમાં છે તેમાં જે નોંધ, શેરો છે તે જોઈ જવા અરજદારને જણાવવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ જરૂરી માહિતીની ઉપલબ્ધ નકલો અરજદારને આ હુકમની તારીખથી દિન–૭ માં વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે. અરજદારે અપીલમાં જણાવેલા મુદ્દાઓ પૈકી જે મુદ્દાઓ ઈન્કવાયરી ખાતાને લાગત નથી અને તે મુદ્દાઓ ઉપર તારણમાં જણાવ્યા મુજબ જે ખાતાને લાગે છે તે ખાતામાંથી તે મુદ્દાઓ બાબતે સંપર્ક કરવા અરજદારને જણાવી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્ર ભવન, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૦
તા.૧૭/૧૧/૨૦૧૪

**પ્રતિ,**

(૧) શ્રી પંકજકુમાર નવનીતલાલ પટેલ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે......

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૭, ૨૦૧૪–૧૫**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૮૩૦(સેન્ટ્રલ ઓફીસ) થી માંગવામાં આવેલી માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(આઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૭૧, તા.૦૯/૦૩/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૩૦/૦૩/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે તેઓની અપીલના કારણમાં તેઓએ મા.મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને કરેલ તા.૦૭/૦૮/૨૦૧૪ ની અરજી ઉપર કરવાની થી કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનું જણાવી, તેમજ તેમની આ અરજી કયા કાયદાની કઈ જોગવાઈ મુજબ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારીને મોકલેલ છે તેની માહિતી પુરી પાડી ન હોવાના કારણે, તેમ સદર વિભાગના અધિકારીઓએ કચેરી કાર્યપધ્ધતિ મુજબ કાર્યવાહી ન કરી હોવા છતાં મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાના કારણે, તેમજ સદર વિભાગના અધિકારીઓએ જે. કે. શાહ વિરૂધ્ધ કરવાની થતી કાર્યવાની ન કરી ભ્રષ્ટાચાર આચરી ગેરરીતીઓ કરેલ હોવાથી વિભાગમાં થયેલ નોંધ નોટીંગ રીપોર્ટ સહીતની સંપુર્ણ માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાના કારણો હાલની અપીલમાં જણાવેલ છે. જે અપીલ અત્રેના ખાતાને તા.૩૧/૦૩/૧૫ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૭/૨૦૧૪–૧૫ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૮/૦૪/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૮૩૦(સેન્ટ્રલ ઓફીસ) થી માંગવામાં આવેલી માહિતીની પૂર્તતા કરવા માટે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી/આરટીઆઈ/૮૩૦, તા.૨૧/૦૨/૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત નમુના–ક ની અરજીથી તેઓએ અગાઉ મ્યુ.કમિશનરશ્રી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રી તેમજ માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકારશ્રીને ઉદ્દેશીને લિંબાયતઝોન વિસ્તારમાં ડીંડોલીમાં ઓમનગર ખાતેની "વિદ્યા વિહાર" સ્કુલનું બાંધકામ ગેરકાયદે હોવાનું ગણાવી ચાલુ ભણતરે વિદ્યાર્થીઓને બહાર કાઢી સ્કુલને સીલ મારી વિદ્યાર્થીઓના ભણતર અને ભવિષ્ય સાથે ચેંડા કરનાર એડિ.સીટી ઈજનેર શ્રી જે.કે. શાહ પાસેથી ખુલાસો મંગાવી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પ્રત્યુત્તર પાઠવવા બાબતે કરેલ ફરીયાદ અરજી તેમજ શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગ ધ્વારા મા.કમિશ્નરશ્રીને પાઠવેલ પત્ર ક્રમાંક : સમન/૨૦૧૪/સી.એમ.૬૮૭/પી તા.૨૧/૧૧/૧૪ ના પત્રો તથા તમારી રજુઆત સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને ખાતા/વિભાગમાં થયેલ નોંધ/નોટીંગ રીપોર્ટની નકલની વિગેરે બાબતે વિવિધ માહિતીની માંગણી કરેલ.

અરજદારની માંગણી અનુસંધાને અત્રેના ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ તપાસતા મજકુર અરજદારે નમુના–ક ની અરજી સાથે બિડેલ પત્રો પૈકી મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની નકલ અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલ. સદર પત્રમાં અરજદારે એડી.સીટી ઈજનેરશ્રી જે. કે. શાહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાની માંગણી કરેલ. પરંતુ અત્રે મળેલ સદર પત્ર ઉપર સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખાતાકીય તપાસ કરવા બાબતે કોઈ આદેશ ન હોય, પત્રમાં કરવામાં આવેલ અરજદારની રજુઆત જોતા તેમાં જણાવેલ ફરીયાદ બાબતે **પ્રથમ કરવાજોગ પ્રાથમિક તપાસની કાર્યવાહી કે જે ખરેખર વીજીલન્સ વિભાગે કરવાની હોય, તે અંગે આગળની કાર્યવાહી અર્થે સદર પત્ર ઉપર ખાતાકીય તપાસ અધિકારીશ્રીના શેરા અન્વયે જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૩૮૪ તા.૧૨/૦૮/૨૦૧૪ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસરશ્રીને મોકલવામાં આવેલ. સદર અરજીની હકીકતોની યતાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ પ્રાથમિક તપાસ કરવાની કાર્યવાહી વીજીલન્સ વિભાગે કરવાની રહેતી હોવાથી અત્રેથી અરજદારની સદર અરજી વી.આઈ.ઓ.શ્રીને મોકલવામાં આવેલ.** જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૮ માં જણાવ્યા મુજબ અરજી વી.આઈ.ઓ.ને કયા કાયદાની કઈ જોગવાઈ મુજબ મોકલી તેનો કોઈ ખુલાસો અરજદારને કરવાનો રહેતો નથી.

મજકુર અરજદારે તેમની અપીલમાં કોઈપણ જાતના આધાર–પુરાવા વિના મનઘડંત અને મનસ્વીપણે અત્રેના વિભાગના અધિકારીઓને ભ્રષ્ટ અને રીસ્વતખોર જણાવી માનભંગ કરી અત્રેના અધિકારીઓએ તેઓની અરજી ઉપર કરવાની થતી કોઈ કાર્યવાહી કરેલ નથી અને અત્રેના વિભાગના અધિકારીઓએ કચેરી કાર્યપધ્ધતી મુજબ કાર્યવાહી ન કરેલ હોવાના કારણ હાલની અપીલમાં જણાવેલ છે. પરંતુ જો અરજદાર પોતે જે તે ખાતાની કાર્યપધ્ધતીથી અજાણ હોય, જે તે ખાતાની કાર્યપધ્ધતીથી વાકેફ ન હોય તો તેવી જાણકારી વિના તેમણે હાલની અપીલમાં જે કથનો કરેલા છે તે તેમના કથનોમાં કોઈ વજૂદ

નથી. અરજદારે તેઓની તા.૦૭/૦૮/૨૦૧૪ ની મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને એડી.સીટી ઈજનેરશ્રી જે. કે. શાહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા કરેલ અરજી ઉપર સક્ષમ સત્તાધિકારીના સ્પષ્ટ આદેશ વિના ફકત અરજદાર ધ્વારા અરજીમાં ખાતાકીય તપાસ કરવાનું જણાવવા માત્રથી અત્રેથી ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદાર શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ સુરત મહાનગરપાલિકાનો કોઈ પદાધિકારી કે હોદ્દેદાર નથી કે જેથી તેઓ ધ્વારા કોઈની સામે ખાતાકીય તપાસ કરવા માટે સુરત મહાનગરપાલિકામાં ફકત અરજી કરી દેવાથી કોઈની સામે અત્રેના ખાતા મારફત ખાતાકીય તપાસ શરૂ કરવાની રહેતી નથી. આ પ્રકારની ફરીયાદની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ તો પ્રાથમિક તપાસ કરવાની રહે છે અને તેવી પ્રાથમિક તપાસ કરવાની કાર્યવાહી અત્રેના ખાતાએ કરવાની રહેતી નથી. તેવી પ્રાથમિક તપાસની કાર્યવાહી મુખ્યત્વે વીજીલન્સ વિભાગે કરવાની રહે છે. તેવી ફરીયાદની હકીકતો સાચી જણાય તો તે અંગે જવાબદારો સામે પગલા ભરવા કે ખાતાકીય તપાસ કરવા તે અંગે સક્ષમ સત્તા ધ્વારા સ્પષ્ટ આદેશો થયા બાદ જ અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી જે તે જવાબદાર કર્મચારી / અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે તે સિવાય ફકત જે તે અરજદાર ધ્વારા અરજી કરી દેવાથી ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહેતી નથી. જેથી અરજદારે પ્રથમ તો જે તે ખાતાની કાર્યપધ્ધતીથી વાકેફ થવુ પડે, તે સિવાય જે તે ખાતાની કાર્યપધ્ધતી વિરૂધ્ધ અરજી કરી મન ફાવે તેમ શબ્દપ્રયોગ કરી દેવાથી, ફરીયાદ–અરજી સાચી થઈ જતી નથી.

અરજદારે તેમની હાલની પ્રથમ અપીલમાં મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી જાણી જોઈને છુપાવી હોવાના કારણો માંગેલા છે. નમુના–ક ની મુળ અરજીમાં મુદ્દા નં.૨ માં અરજદારે "અમારી આ રજુઆત સંદર્ભે કાર્યવાહી ન કરનાર અમોને પ્રત્યુત્તર ન પાઠવનાર અધિકારીઓનું નામ હોદ્દો અને તેઓને(કામ ન કરેલ હોવા છતાં) આ ત્રણ રજુઆતોના સમયગાળા દરમ્યાનનું વેતન ભથ્થુ અને અન્ય લાભો અને હકકો જે આધારે ચુકવેલ હોય તેના આધાર પુરાવાઓ અને મુલ્યાંકન રીપોર્ટની સંપુર્ણ માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર જણાવ્યા મુજબ સક્ષમ સત્તાના આદેશ વિના ફકત અરજદારે રજુઆત કરી દેવાથી અત્રેના ખાતા મારફત સીધી કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જાણે અત્રેના ખાતાના અધિકારીઓએ અરજદારના કહેવા છતા તેઓની રજુઆત સંદર્ભે કાર્યવાહી ન કરી હોવાનો અરજીમાં ઉલ્લેખ છે. પરંતુ ખરી હકીકતમાં કચેરી કાર્ય પધ્ધતિ અનુસાર કાર્યવાહી કરી જ છે. તેથી તેવો મુદ્દો અત્રેના ખાતાને લાગત ન હોય તે અંગે કોઈ જવાબ અરજદારને અત્રેથી આપવાનો રહેતો નથી.

અરજદારે નમુના–ક ની મુળ અરજીમાં મુદ્દા નં.૩ માં "ઉપરોકત રજુઆતો સંદર્ભે શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ મુખ્યમંત્રીશ્રીની કચેરી સમક્ષ રજૂ કરેલ જવાબ/પૂર્તતા કે ખુલાસાની નકલ તેમજ ખુલાસો કે જવાબ ન કરેલ હોય તો ન કરનાર અધિકારીઓનું નામ હોદ્દો અનુ કર્મચારી નંબર સહિતની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તેમજ અરજદારને નમુના–ક ની મુળ અરજી સંદર્ભે તા.૦૯/૦૩/૧૫ ના રોજ આપવામાં આવેલ જવાબમાં સ્પષ્ટ પૂર્તતા કરવામાં આવેલ છે. આમ, અત્રેના ખાતાને અરજદાર ધ્વારા મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની જ નકલ મળેલ હોય, તે સિવાય અન્ય કોઈ પત્રો અત્રેના ખાતાને મળેલા ન હોય અરજદારની નમુના–ક ની અરજીના મુદ્દા નં.૩ નો પણ જવાબ ઈન્કવાયરી ખાતામાંથી આપવાનો રહેતો નહતો.

આમ, ઉપરોકત વિગતે અજરદારની તા.૭/૮/૧૪ ના રોજની મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ રજુઆત અન્વયે સૌપ્રથમ પ્રાથમિક તપાસ કરવાની જરૂરીયાત હોય, તે અંગે સદર પત્ર જે વીજીલન્સ ખાતાને મોકલવામાં આવેલ તે કચેરી કાર્યપધ્ધતિ અનુસાર હોય અરજદારને તેઓની નમુના–ક ની મુળ અરજી અન્વયે અત્રેથી આપવામાં આવેલ જવાબ યોગ્ય હોય અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો તેમજ રેકર્ડ જોતા, જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજની નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૮૩૦(સેન્ટ્રલ ઓફીસ) થી માંગવામાં આવેલી માહિતીની પૂર્તતા કરવા માટે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી/આરટીઆઈ/૮૩૦, તા.૨૧/૦૨/૧૫ થી તબદીલ થઈને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને મળેલી. મજકુર અરજદાર ધ્વારા તેઓની અરજીથી તેઓએ અગાઉ મ્યુ.કમિશ્નરશ્રી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રી તેમજ માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકારશ્રીને ઉદ્દેશીને લિંબાયતઝોન વિસ્તારમાં ડીંડોલીમાં ઓમનગર ખાતેની "વિદ્યા વિહાર" સ્કુલનું બાંધકામ ગેરકાયદે હોવાનું ગણાવી ચાલુ ભણતરે વિદ્યાર્થીઓને બહાર કાઢી સ્કુલને સીલ મારી વિદ્યાર્થીઓના ભણતર અને ભવિષ્ય સાથે ચેંડા કરનાર એડિ.સીટી ઈજનેર શ્રી જે.કે. શાહ પાસેથી ખુલાસો મંગાવી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પ્રત્યુત્તર પાઠવવા બાબતે કરેલ ફરીયાદ અરજી તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા મા.કમિશ્નરશ્રીને પાઠવેલ પત્ર ક્રમાંક : સમન/૨૦૧૪/સી.એમ.૬૮૭/પી તા.૨૧/૧૧/૧૪ ના પત્રો તથા તેમની રજુઆત સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને ખાતા/વિભાગમાં થયેલ નોંધ/નોટીંગ રીપોર્ટની નકલની વિગેરે બાબતે વિવિધ માહિતીની માંગણી કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૭૧, તા.૦૯/૦૩/૨૦૧૫ થી જવાબ આપવામાં આવેલ. જે જવાબમાં જણાવ્યા મુજબ ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ તપાસતા અરજી સાથે બિડેલ પત્રો પૈકી મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની નકલ ઈન્કવાયરી ખાતાને મળેલ. જે નકલ આગળની કાર્યવાહી અર્થે વીજીલન્સ એન્ડ

ઈન્સ્પેકશન ઓફીસરશ્રીને તા.૧૧/૮/૧૪ ના રોજ કચેરી કાર્યપધ્ધતિ અનુસાર મોકલી આપવામાં આવેલ. તે સિવાય સદર પત્રમાં કરવામાં આવેલ ફરીયાદ–રજુઆત સંદર્ભે યોગ્ય કાર્યવાહી અત્રેના ઈન્કવાયરી ખાતા ધ્વારા કરવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતા જણાય છે.

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા ઈન્કવાયરી ખાતામાં અરજદારે નમુના–ક ની અરજી સાથે બિડેલ તેમની રજુઆતના પત્રો તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા મા.કમિશ્નરશ્રીને પાઠવેલ પત્રો પૈકી ફકત અરજદારનો તા.૭/૮/૧૪ ના રોજના પત્રની નકલ ઈન્કવાયરી ખાતાને મળેલ. જે નકલ આગળની કાર્યવાહી અર્થે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસરશ્રીને તા.૧૧/૮/૧૪ ના રોજ મોકલી આપવામાં આવેલ. સદર પત્રમાં અરજદારે એડી.સીટી ઈજનેરશ્રી જે. કે. શાહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાની માંગણી કરેલ. તે જ પ્રમાણે તેમની હાલની અપીલમાં પણ અત્રેના વિભાગના અધિકારીઓએ જે. કે. શાહ વિરૂધ્ધ કરવાની થતી કાર્યવાની ન કરી ભ્રષ્ટાચાર આચરી ગેરરીતીઓ કરેલ હોવાનું જણાવી માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાના કારણો હાલની અપીલમાં જણાવેલ છે. જે કારણો સંદર્ભે અરજદારે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલા નથી.,

હવે પ્રશ્ન એ છે કે, અત્રેના ઈન્કવાયરી ખાતાના અધિકારીઓએ શ્રી જે. કે. શાહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાની કરેલ રજુઆત અન્વયે કાર્યવાહી ન કરેલ હોવાનું અરજદાર તેમની અપીલમાં જણાવે છે તેમાં તથ્ય છે કે કેમ? તે અંગે જાહેર માહિતી અધિકારીના પુર્તતા અહેવાલની હકીકત તેમજ ખરી હકીકત જોતા અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત કે અન્ય કોઈપણ ઈસમ તરફથી કર્મચારી સામે ખાતાકીય તપાસ કરવા માટે સુરત મહાનગરપાલિકામાં ફકત અરજી કરી દેવાથી કોઈપણ કર્મચારી સામે સીધેસીધી ખાતાકીય તપાસની કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. આ પ્રકારની ફરીયાદની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ તો આવેલ ફરીયાદ/રજુઆતના અનુસંધાને પ્રાથમિક તપાસ કરવાની રહે છે અને તેવી પ્રાથમિક તપાસમાં ફરીયાદની હકીકતો સાચી જણાય તો તે અંગે જે તે જવાબદારો સામે પગલા ભરવા કે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા અંગે સક્ષમ સત્તાધિકારી ધ્વારા સ્પષ્ટ લેખિત આદેશો થયા બાદ જ અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી જે તે જવાબદાર કર્મચારી / અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે તે સિવાય ફકત અરજદાર ધ્વારા કોઈ કર્મચારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા રજુઆત કરવામાત્રથી ખાતાકીય તપાસની કાર્યવાહી શરૂ કરવાની રહેતી નથી. આમ હાલના કિસ્સામાં પણ અરજદારની અરજી સાથે બિડેલ પત્રો પૈકી ફકત તેઓએ મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની નકલ ઈન્કવાયરી ખાતાને મળેલ. પરંતુ સદર પત્ર ઉપર સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખાતાકીય તપાસ શરૂ કરવા બાબતે કે શિક્ષાત્મક કાર્યવાહી માટે કોઈ આદેશ કરેલ ન હોય, પત્રમાં કરવામાં આવેલ અરજદારની રજુઆત જોતા તેમાં કરવામાં આવેલ ફરીયાદ બાબતે આગળની કાર્યવાહી અર્થે જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૩૮૪ તા.૧૨/૦૮/૨૦૧૪ થી સદર અરજીની ઈન્કવાયરી ખાતાને મળેલ નકલ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસરશ્રીને મોકલી આપવામાં આવેલ. અરજદારે હાલની અપીલમાં મુદ્દા નં.૮ માં જણાવ્યા મુજબ સદર અરજી વી.આઈ.ઓ.શ્રીને કયા કાયદાની કઈ જોગવાઈ મુજબ મોકલી તેની માહિતી માંગેલ છે. પરંતુ અરજદારની અરજીની હકીકતો તેમજ રજુઆતો જોતા તેમાં કરવામાં આવેલ ફરીયાદ સાચી છે કે ખોટી તેની ચકાસણી પ્રાથમિક તપાસ ધ્વારા સૌપ્રથમ કરવાની રહેતી હોય અને તેવી કાર્યવાહી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી સદર અરજી વી.આઈ.ઓ.શ્રીને મોકલવામાં આવેલ. જે એક સામાન્ય વહીવટી પ્રક્રિયાનો એક ભાગ છે.

મજકુર અરજદારે તેમની અપીલમાં કોઈપણ જાતના આધાર–પુરાવા વિના મનઘડંત અને મનસ્વીપણે અત્રેના વિભાગના અધિકારીઓને ભ્રષ્ટ અને રીસ્વતખોર જણાવી માનભંગ કરી અત્રેના અધિકારીઓએ તેઓની અરજી ઉપર કરવાની થતી કોઈ કાર્યવાહી કરેલ નથી અને અત્રેના વિભાગના અધિકારીઓએ કચેરી કાર્યપધ્ધતી મુજબ કાર્યવાહી ન કરેલ હોવાના કારણ હાલની અપીલમાં જણાવેલ છે. પરંતુ અરજદારે તે અંગેના કોઈ આધાર–પુરાવા રજુ કરેલા નથી. અરજદાર પોતે એક આર.ટી.આઈ. એકટીવીસ્ટ હોય તેઓએ કોઈપણ જાતના પુરાવા વગર આ પ્રકારના આક્ષેપો કરીને ભાષાકીય મર્યાદાનો ભંગ કરેલ છે. અરજદાર પોતે ખાતાની કામગીરીથી અજાણ હોય તો તેઓએ તેવી જાણકારી વિના તેમજ કોઈપણ જાતના આધાર–પુરાવા વિના અધિકારીઓનું માનભંગ થાય તેવા કથનો કરવા જોઈએ નહી. જાહેર માહિતી અધિકારીના પુર્તતા અહેવાલ તેમજ ઉપર જણાવ્યા મુજબ અરજદારે એડી.સીટી ઈજનેરશ્રી જે. કે. શાહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા કરેલ અરજી ઉપર સક્ષમ સત્તાધિકારીના સ્પષ્ટ આદેશ વિના ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહેતી નથી. ફરીયાદની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે ખરાઈની પ્રાથમિક તપાસ થયા બાદ ફરીયાદની હકીકતો સાચી જણાય તો તે અંગે જવાબદારો સામે પગલા ભરવા કે ખાતાકીય તપાસ કરવા તે અંગે સક્ષમ સત્તા ધ્વારા સ્પષ્ટ આદેશો થયા બાદ જ જે તે જવાબદાર કર્મચારી / અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે. જેથી અત્રેના અધિકારીઓએ અરજદારની અરજી ઉપર સક્ષમ અધિકારીના આદેશના અભાવમાં કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી કરેલ ન હોય, તે વિરૂધ્ધ અરજદારના આક્ષેપોમાં કોઈ વજુદ નથી. અરજદારે પ્રથમ તો જે તે ખાતાની કાર્યપધ્ધતીથી વાકેફ થવુ પડે, તે સિવાય તેવી જાણકારીના અભાવમાં જે તે ખાતાની કચેરી કાર્યપધ્ધતી વિરૂધ્ધ અરજી કરી પોતે એક આર.ટી.આઈ. એકટીવીસ્ટ હોવાનો દેખાવ કરીને જે તે અધિકારીઓ સામે મન ફાવે તેમ અધિકારીઓના માનભંગ કરતો શબ્દો ધ્વારા અરજદારનું વર્તન ઉચિત જણાતું નથી.

અરજદારે તેમની હાલની પ્રથમ અપીલમાં નમુના–ક ની અરજીના મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી જાણી જોઈને છુપાવી હોવાના કારણો માંગેલા છે. જે અંગે જાહેર માહિતી અધિકારીનો અહેવાલ તેમજ રેકર્ડ જોતા સક્ષમ સત્તાના આદેશ વિના ફકત અરજદારે રજુઆત કરી દેવાથી કોઈ કર્મચારી સામે સીધી કોઈ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહેતી નથી. જેથી અત્રેના ખાતાના અધિકારીઓએ અરજદારના કહેવા છતા તેઓની રજુઆત સંદર્ભે કાર્યવાહી ન કરી હોય અરજદારે નમુના–ક ની મુળ અરજીમાં મુદ્દા નં.૩ માં "ઉપરોકત રજુઆતો સંદર્ભે શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ મુખ્યમંત્રીશ્રીની કચેરી સમક્ષ રજૂ કરેલ જવાબ/પૂર્તતા કે ખુલાસાની નકલ તેમજ ખુલાસો કે જવાબ ન કરેલ હોય તો ન કરનાર અધિકારીઓનું નામ હોદ્દો અને કર્મચારી નંબર સહિતની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તેમજ અરજદારને નમુના–ક ની મુળ અરજી સંદર્ભે તા.૦૯/૦૩/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ જવાબમાં સ્પષ્ટ પૂર્તતા કરવામાં આવેલ છે. આમ,

ઈન્કવાયરી ખાતાને અરજદાર ધ્વારા મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની જ નકલ મળેલ છે. તે સિવાય અન્ય કોઈ પત્ર મળેલ ન હોય, તે પત્ર ઉપર કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આમ, ઉપરોકત વિગતે અરજદારને તેઓની નમુના–ક ની તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૮૩૦(સેન્ટ્રલ ઓફીસ) થી માંગવામાં આવેલી માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૭૧, તા.૦૯/૦૩/૨૦૧૫ થી આપેલ જવાબ રેકર્ડ મુજબ સાચો અને યોગ્ય છે તેમજ અરજદારનો પત્ર જે વીજીલન્સ ખાતાને મોકલવામાં આવેલ તે કચેરી કાર્યપધ્ધતિ અનુસાર હોય અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી.

## –: ***હુકમ*** :–

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ અરજદારે આપેલ જવાબ યોગ્ય હોય, તેમજ અરજદારનો પત્ર જે વીજીલન્સ ખાતાને મોકલવામાં આવેલ તે પત્ર વીજીલન્સ ખાતાને મોકલવાની પ્રક્રિયા કચેરી કાર્યપધ્ધતિ અનુસાર હોય અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે તેમજ અરજદારને સૌ પ્રથમ સુરત મહાનગરપાલિકાના ખાતાઓની કચેરી કાર્યપધ્ધતિથી વાકેફ થયા વિના જે તે ખાતા વિરૂધ્ધ યોગ્ય આધાર–પુરાવા વિના રજુઆત નહી કરવા સૂચન કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫
તા.૨૪/૦૪/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ જાણ માટે......